દિલ્હીમાં પાંચ ટકા ઓછુ મતદાન થયુ

દિલ્હીમાં વર્ષ ૨૦૧૪માં ૬૫ ટકા કરતાય વધારે મતદાન થયુ હતુ જ્યારે આ વખતે નોંધાયેલુ ૬૦.૨૧ ટકા મતદાન

નવી દિલ્હી,તા. ૧૩

દિલ્હીની લોકસભાની સાત સીટો પર મતદાનની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. દિલ્હીમાં મતદાનની ટકાવારી આ વખતે ૬૦.૨૧ ટકા રહી છે. જ્યારે વર્ષ ૨૦૧૪માં ૬૫ ટકા કરતા વધારે મતદાન થયુ હતુ. ચૂંટણી અધિકારીઓના કહેવા મુજબ ભીષણ ગરમીના કારણે મતદાનની ટકાવારીમાં ઘટાડો થયો છે. વોટિંગમાં થયેલા ઘટાડાના કારણે રાજકીય નિષ્ણાંતોની ઉંઘ હરામ થઈ ગઈ છે. રાજકીય પક્ષો હવે ગણતરીમાં લાગી ગયા છે. ઓછા મતદાનના કારણે કોને ફાયદો થશે તેને લઈને ગણતરી કરવામાં આવી રહી છે. દિલ્હીમાં તમામ સાતેય બેઠક પર સીધી રીતે ત્રિકોણીય સ્પર્ધા રહી છે. જેમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો સમાવેશ થાય છે. પૂર્ણ રીતે વડાપ્રધાનના ચહેરા પર ચૂંટણી લડી રહેલી ભારતીય જનતા પાર્ટીને ફાયદો થઈ શકે છે. કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી વચ્ચે વિભાજનના કારણે ભાજપને લાભ થઈ શકે છે. પરંતુ મોદી વિરોધી મતના વિભાજનની પ્રક્રિયા થઈ છે કે કેમ તે બાબત ઉપયોગી રહી શકે છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આ વખતે ૬૦.૨૧ ટકા મતદાન થયુ છે. એટલે કે વર્ષ ૨૦૧૪માં દિલ્હીવાળાઓએ ભરપુર ઈચ્છાશક્તિ સાથે મતદાન કર્યુ હતુ. કુલ ૬૫.૧ ટકા મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યોહતો. વર્ષ ૨૦૦૯માં ૫૧.૮૪ ટકા મતદાન થયુ હતુ. સવારમાં લોકો મતદાનને લઈને ઉદાસીન દેખાયા હતા. જો કે મોડેથી મતદારોનો ઉત્સાહ વધી ગયો હતો. જેથી મતદાનની ટકાવારી ૬૦ ટકા કરતા ઉપર પહોંચી ગઈ હતી. દિલ્હીની સાત સીટો પર મતદાનની વાત કરવામાં આવે તો નોર્થ ઈસ્ટ દિલ્હીની સીટ પર સૌથી વધારે ૬૩.૫ ટકા મતદાન થયુ હતુ. ચાંદની ચોક સીટ પર ૬૨.૬ ટકા મતદાન થયુ હતુ.ઈસ્ટ દિલ્હીમાં ૬૧.૯ ટકા મતદાન થયુ હતુ. વેસ્ટ દિલ્હીમાં ૬૦.૬ ટકા મતદાન થયુ હતુ. નોર્થ વેસ્ટમાં ૫૮.૯ ટકા મતદાન થયુ હતુ. સાઉથ દિલ્હીમાં ૫૭.૩ ટકા મતદાન થયુ હતુ. નવી દિલ્હીમાં સૌથી વધારે ૫૬.૪ ટકા મતદાન થયુ હતુ. રમજાનના કારણે મુસ્લિમ સમુદાયના લોકો પણ ઓછા પ્રમાણમાં બહાર નિકળ્યા હતા. સવારમાં ૧૧ વાગ્યા બાદ વધારે પ્રમાણમાં મુસ્લિમ મતદારો બહાર આવ્યા હતા. મુસ્લિમ વોટર મુખ્ય રીતે કોંગ્રેસની સાથે દેખાઈ રહ્યા છે. જ્યારે કેટલાકે એએપીને પણ મત આપી ચુક્યા છે. આની પાછળ તર્ક એ છે કે રાષ્ટ્રીય સ્તર પર વિભાજનકારી રાજનીતિને કોંગ્રેસ જ પરાજિત કરી શકે છે. મુસ્લિમ મત કોંગ્રેસની તરફેણમાં દેખાઈ રહ્યા છે. પરિણામ ૨૩મીએ જાહેર કરાશે.

અલવર ગેંગરેપને લઇને માયાવતીની ચેતવણી

ગેહલોત સરકાર પગલા નહીં લે તો ટેકો પરત ખેંચી લેવાશે

લખનૌ,તા. ૧૩

અલવર ગેંગરેપને લઈને બસપ વડા માયાવતી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આક્ષેપ પ્રતિઆક્ષેપનો દોર જારી રહ્યો છે. માયાવતીએ હવે મોદી ઉપર અંગત પ્રહાર કર્યો છે. માયાવતીએ કહ્યું છે કે, મોદી બહેનો અને પત્નિઓનું માન સન્માન કરવાનું જાણી શકે નહીં. કારણ કે, તેઓ પોતે પોતાના પત્નિને રાજકીય લાભ માટે ખુબ પાછળ છોડી ચુક્યા છે. એટલું જ નહીં બસપના વડાએ કહ્યું હતું કે, ભાજપના નેતાઓની પત્નિઓ પણ પોતાના પતિઓના મોદીની નજીક જવાથી ભય અનુભવ કરે છે. માયાવતીના આ પ્રહાર બાદ ભાજપે વળતા આક્ષેપ કરતા કહ્યું છે કે, માયાવતીના પરિવારવાદના કારણે આ પ્રકારના આક્ષેપો થઈ રહ્યા છે. ભાજપે કહ્યું છે કે, મોદી સાથે આટલી નફરત કેમ કરવામાં આવી રહી છે તે વાત સમજાઈ રહી નથી. પરિવાર કરતા દેશને વધારે મહત્વ આપી રહ્યા છે તેના કારણે મોદી સાથે નફરત કરવામાં આવી રહી છે. માયાવતીએ પત્રકાર પરિષદ દરમિયાન કહ્યું હતું કે, મોદી પહેલા અલવર દલિત ગેંગરેપને લઈને મૌન હતા પરંતુ તેમના નિવેદન બાદ એકાએક આક્ષેપબાજી ઉપર ઉતરી આવ્યા છે. ચૂંટણીમાં પાર્ટીને ફાયદો થઈ શકે તે માટે આક્ષેપબાજી પર લાગી ગયા છે જે ખુબ જ શરમજનક બાબત છે. બીજાની બહેનો, પુત્રીઓ અને પત્નિઓનું સન્માન કરવાની બાબત મોદી સમજી શકે તેમ નથી. કારણ કે, મોદી પહેલાથી જ તેમના પત્નિને છોડી ચુક્યા છે. ભાજપે આક્ષેપ કરતા કહ્યું છે કે જે શબ્દોનો ઉપયોગ વડાપ્રધાન માટે કરવામાં આવ્યો છે તે ખુબ જ તકલીફ આપે તે પ્રકારનો છે. મોદીએ પરિવાર કરતા દેશને વધુ મહત્વ આપી રહ્યા છે. માયાવતીએ કહ્યું છે કે, રોહિત વેમુલા મામલામાં ભાજપ સરકારે કેન્દ્રીયમંત્રીના રાજીનામાની પણ માંગ કરી ન હતી. પોતાની નૈતિક જવાબદારી લઈને રાજીનામુ આપવાની ઓફર કરી હતી. રાજસ્થાનમાં કોંગ્રેસ સરકારને ચેતવણી આપતા માયાવતીએ કહ્યું છે કે, જો યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો કોંગ્રેસ સરકારને ટેકો પાછો ખેંચી લેવામાં આવશે.

આઝાદ ભારતનો પ્રથમ આતંકી હિન્દુ હતો : કમલ હાસન

સ્વતંત્ર ભારતમાં પહેલો હિન્દુ આતંકવાદી નાથુરામ ગોડસે હતો : હું મુસ્લિમોનાં મતો મેળવવા માટે નથી કહેતો પણ ગાંધીની પ્રતિમા સામે ઉભો રહીને કહું છું : હું હત્યાનો જવાબ શોધવા આવ્યો છું : હું એવું ભારત ઇચ્છુ છું જ્યાં તમામને બરાબરી મળે

ચેન્નાઇ,તા.૧૩

સાઉથના સુપરસ્ટાર અને તાજેતરમાં જ નેતા બનેલા કમલ હસને એવુ કહીને નવો વિવાદ ઉભો કર્યો છે કે આઝાદ ભારતનો પ્રથમ આતંકવાદી હિન્દુ હતો. તે મહાત્મા ગાંધીની હત્યા કરનારો, નાથુરામ ગોડસેના એક સંદર્ભમા વાત કરી રહ્યા હતા. એક ચૂંટણી સભાને સંબોધિત કરતા હસને કહ્યુ કે તે એક એવા સ્વાભિમાની ભારતીય છે જે સમાનતાવાળુ ભારત ઈચ્છે છે.

કમલ હસને કહ્યુ, આ એક મુસલમાન વસ્તી ધરાવતો દેશ છે એટલે હુ આવુ નથી બોલી રહ્યો પણ હુ આ વાત ગાંધીની પ્રતિમા સામે બોલી રહ્યો છુ. આઝાદ ભારતનો પ્રથમ આતંકવાદી હિન્દુ હતો અને તેનુ નામ નાથુરામ ગોડ્સે છે. ત્યાથી જ આતંકવાદની શરૂઆત થઈ. મહાત્મા ગાંધીની ૧૯૪૮માં થયેલ હત્યાનો હવાલો

આપતા હસને કહ્યુ કે તે એ હત્યાનો જવાબ શોધવા આવ્યા છે.

હાસને કહ્યુ, કોઈપણ સાચો ભારતીય હંમેશા રાષ્ટ્રીય ઝંડો તિરંગાને પસંદ કરશે અને તે ઈચ્છશે કે હંમેશા આ રાષ્ટ્રીય ઝંડો રહે. તેમણે આ નિવેદન ૧૯ તારીખના રોજ થનારી વિધાનસભા પેટાચૂંટણી માટે પોતાના ઉમેદવાવારના પક્ષમાં પ્રચાર દરમિયાન આપ્યુ.

કમલ હસને ૨૧મી ફેબ્રુઆરીએ પોતાની પાર્ટી બનાવી હતી. તેઓ રાજયની એઆઈએડીએમકે અને કેન્દ્રની ભાજપ સરકાર પર સતત નિશાન સાધતા રહે છે. હાલમાં જ તેમણે ૨૦૨૪માં થનારી લોકસભા ચૂંટણી માટે પાંચ વર્ષ પહેલા જ ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો. સંભવતઃ દેશમાં પહેલી વખત આવું થયું છે અને ઢંઢેરાનું નામ 'કોવઈ-૨૦૨૪' રાખ્યું હતું.

કમલ હાસને આપેલા નિવેદન બાદ તેમનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે આ મામલે અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ મહંત નરેન્દ્ર ગીરીએ જણાવ્યુ હતુ કે, કમલ હાસન આ પ્રકારનું નિવેદન આપી હિંદુઓનું અપમાન કરી રહ્યા છે. હિંદુ ક્યારેય હિંસક હોતો નથી. કમલ હાસનની માનસીક સ્થિતિ સારી ન હોવાના કારણે તેઓ આ પ્રકારનું વિવાદિત નિવેદન આપી રહ્યા છે.

અદાણી સ્કૂલનાં બાળકોએ મધર્સ ડે પ્રસંગે હસ્ત લિખીત પત્રો ભેટ આપ્યા

મધર્સ ડે પ્રસંગે ભારતમાં અદાણી ફાઉન્ડેશન સંચાલિત શાળાઓના હજારો બાળકોએ તેમનો પ્રેમ વ્યક્ત કરવા માટે એક નવતર પધ્ધતિ અપનાવી હતી. તેમણે એક કાગળ ઉપર તે પોતાની માતાઓ અંગે કેવી લાગણી અનુભવી રહ્યા છે તેની લેખિત અભિવ્યક્તિ કરી હતી.

આ કવાયતમાં પાંચ શાળાઓના કુલ ૨,૨૧૭ વિદ્યાર્થીઓ સામેલ થયા હતા. અદાણી વિદ્યામંદિર અમદાવાદ, અદાણી પબ્લિક સ્કૂલ મુંદ્રા (ગુજરાત), અદાણી વિદ્યાલય કવાઈ (રાજસ્થાન), અદાણી વિદ્યામંદિર સરગુજા (છત્તીસગઢ) અને અદાણી વિદ્યાલય તિરોડા (મહારાષ્ટ્ર) એ મધર્સ ડેની ઉજવણી માટે આ અનોખો માર્ગ પસંદ કર્યો હતો.

માતાનો પ્રેમ સાર્વત્રિક હોય છે અને તેથી જ કોઈ ભાષાનો અવરોધ નડે નહીં તે માટે બાળકોને તેમને ભાષા પસંદ કરવાની મુક્તપણે છૂટ અપાઈ હતી.

ઈરાદાપૂર્વક બાળકોને કોઈ અસરથી મુક્ત રખાયા હતા અને તેમની લાગણીઓ વ્યક્ત કરવા માટે કોઈ માર્ગદર્શન અપાયું ન હતું. હેતુ એવો હતો કે બાળકો પોતાની આગવી રીતે તેમનો સાચો પ્રેમ વ્યક્ત કરી શકે.

આ ઝૂંબેશમાં ધોરણ-૩ થી ૮ના વિદ્યાર્થીઓ સામેલ થયા હતા.

થોડાંક બાળકો તેમની માતાની તસવીરો લઈને આવ્યા હતા, જે તેમણે કોરા કાગળની ટોચ ઉપર ચિપકાવ્યા હતા અને તે પછી પોતાની લાગણીઓ લેખિત સ્વરૂપે વ્યક્ત કરવાની શરૂઆત કરી હતી.

આ કવાયત પછી બાળકોએ મધર્સ ડે પ્રસંગે અનોખા પ્રકારે માતા માટે પત્રમાં જે આભાર અને પ્રેમ વ્યક્ત કર્યો હતો તે દર્શાવવા માટે પત્રો ઘરે લઈ ગયા હતા.

અદાણી ફાઉન્ડેશનના ટ્રસ્ટી કુ. શીલીન આર. અદાણી જણાવે છે કે "માતાઓ સુપરવુમન હોય છે, પરંતુ આપણે ઘણી વખત સરળ શબ્દોમાં આપણો પ્રેમ વ્યક્ત કરવામાં મુશ્કેલી અનુભવાતી હોય છે. આથી આવી રીતે મધર્સ ડે રીતે નવતર પ્રકારે ઉજવીને અમારા વિદ્યાર્થીઓને તેમની માતા પ્રત્યે આભાર વ્યક્ત કરવાની મોટી તક આપવામાં આવી હતી. આ પ્રવૃત્તિથી આજના ડીજીટલ યુગમાં વિસરાઈ ગયેલી હસ્ત લિખીત અભિવ્યક્તિનો આનંદ આવે છે."

અંજાર-મુંદ્રા હાઈવે પર હિટ એન્ડ રન : ત્રણ યુવકના મોત

અમદાવાદ,તા. ૧૩

કચ્છ જિલ્લાના અંજારના સિનુગ્રા ગામે હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. ગત મોડી રાત્રે અંજાર-મુંદરા હાઈવે પર અજાણ્યા વાહનની અડફેટે બાઈકસવાર ત્રણ યુવકના મોત નીપજ્યા હતા. ગંભીર જીવલેણ અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. હીટ એન્ડ રનની આ ઘટનામાં એકસાથે ત્રણ યુવકોના મોતને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવાની સાથે સાથે લોકોમાં ભારે અરેરાટી લાગણી પ્રસરી ગઈ હતી. ખાસ કરીને મૃતક યુવકોના પરિજનો પર તો આભ તૂટી પડયું હતુ અને તેઓ અકસ્માત સર્જનાર વાહનચાલક ભાગી છૂટયો હોવાથી રોષે ભરાયા હતા અને જયાં સુધી આરોપી ના પકડાય ત્યાં સુધી મૃતક યુવકોના મૃતદેહ સ્વીકારવાનો ઇનકાર કરી દીધો હતો.

ઇન્ડિયન પ્રિમિયર લીગ-૧૨ની પૂર્ણાહૂતિ

ખેલાડીઓ અને ટીમ પર રૂપિયાનો કરાયેલો વરસાદ

વિજેતા મુંબઈને ૨૦ કરોડ રૂપિયા અને ચેન્નાઈને ૧૨.૫ કરોડ રૂપિયા : સૌથી વધુ રન કરનાર વોર્નરને ૧૦ લાખ

હૈદરાબાદ, તા. ૧૩

ઈન્ડિયન પ્રિમિયર લીગના ૧૨માં સિઝનની રોમાંચકરીતે પૂર્ણાહૂતિ થઈ ગઈ છે. મુંબઈ ઈન્ડિયન્સે ચેન્નાઈ સુપર કિંગ્સ ઉપર એક રને રોમાંચક જીત મેળવી હતી. આની સાથે જ ચોથી વખત ટ્રોફી પોતાના નામ ઉપર કરવામાં સફળતા મેળવી હતી. આઈપીએલમાં વિજેતા બનેલી મુંબઈ ઈન્ડિયન્સની ટીમને જીત બદલ ૨૦ કરોડ રૂપિયા મળ્યા હતા જ્યારે રનર્સ અપ રહેવા બદલ ચેન્નાઈ ૧૨.૫ કરોડ રૂપિયા મળ્યા હતા. એવોર્ડ વિજેતા ટીમ ઉપર પણ રૂપિયાનો વરસાદ થયો હતો. વિજેતા, ઉપવિજેતા, અન્ય ટીમો, મેન ઓફ દ સિરીઝ, મેન ઓફ દ મેચ સહિતના તમામ એવોર્ડ જાહેર કરવામાં આવ્યા હતા. મુંબઈની સામે એક રનથી પરાજિત થયા બાદ ધોનીએ કહ્યું હતું કે, મેચ ખુબ જ રોમાંચક હતી જેમાં બંને ટીમો એકબીજાને ટ્રોફી આપવાની તક સર્જી રહી હતી. એકબાજુ મુંબઈ તરફથી મેચ દરમિયાન ત્રણ કેચ પડતા મુકવામાં આવ્યા હતા જ્યારે ચેન્નાઈ તરફથી બે વિકેટ રનઆઉટમાં ગુમાવી હતી. ધોની પણ રનઆઉટ થયો હતો. માત્ર ૧૫૦ રનના લક્ષ્યાંકનો પીછો કરતી વેળા હારી ગયા બાદ ધોનીએ કહ્યું હતું કે, આજની મેચ એવી હતી જેમાં વધુ શાનદાર દેખાવ કરવાની તક રહેલી હતી. જો ધોનીની ટીમે સાવચેતી રાખી હોત તો આ ટ્રોફી તેમના હાથમાં આવી શકી હોત. ધોનીએ મેચ બાદ કહ્યું હતું કે, મિડલ ઓર્ડરના બેટ્સમેનો બિલકુલ ફ્લોપ રહ્યા હતા. સમગ્ર સિઝન દરમિયાન બોલરોનો દેખાવ જોરદાર રહ્યો હતો. ફાઈનલમાં પરાજિત થયા બાદ ધોનીએ કહ્યું હતું કે, તેમનું ધ્યાન સંપૂર્ણપણે વિશ્વકપ ઉપર કેન્દ્રિત રહેશે. તેમની પ્રથમ પ્રાથમિકતા વર્લ્ડકપ છે. ચેન્નાઈના સંબંધમાં મોડેથી વાત કરી હતી.

સીએસકેની ટીમ બોલિંગમાં પણ શાનદાર રહી હતી. આગામી વર્ષે બેટિંગ ઉપર વધારે ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ધોની અંગે લોકો માની રહ્યા હતા કે, ધોની રનઆઉટ થયા બાદ ટર્નિંગ પોઈન્ટની સ્થિતિ સર્જાઈ હતી. તમામને આશા હતી કે, ધોની મેચને મુંબઈના હાથમાંથી ખેંચી જશે પરંતુ ધોની બેરન કર્યા બાદ ઈસાન કિશનના થ્રો ઉપર રનઆઉટ થયો હતો. શેન વોટસને જોરદાર બેટિંગ જારી રાખી હતી. જોકે, ધોનીની વિકેટને માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર પણ ટર્નિંગ પોઈન્ટ ગણે છે. ઓરેન્જ કેપ મેળવનાર વોર્નરને ૧૦ લાખ રૂપિયા અપાયા હતા.

રાષ્ટ્રભક્તિથી... ● પહેલા પાનાનું ચાલુ

પાંચ વર્ષના ગાળામાં સંરક્ષણ પ્રોડક્ટમાં ૮૦ ટકાનો વધારો થયો છે. કોંગ્રેસની સ્થિતિ આજે દેશમાં મત કાપનાર પાર્ટી તરીકે થઈ ગઈ છે. આનુ કારણ એ છે કે, નામદાર જે કહે છે તે વાતને પાર્ટીના લોકો સાચી માની લે છે. જે લોકો પોતે જમીન ઉપર છે તે લોકો સેવકને પોતાની ડિક્શનરીમાંથી નવી નવી ગાળો આપવામાં વ્યસ્ત રહે છે પરંતુ આ ગાળોથી ચોકીદાર ભયભીત થશે નહીં. નામદારોનું મિશન માત્ર મોદીને સત્તાથી દૂર રાખવા માટેનું છે પરંતુ મોદીનું મિશન ભારતને જીતાડવા માટેનું છે. આ લોકો મોદીને હરાવવામાં લાગેલા છે જ્યારે મોદી દેશને જીતાડવામાં લાગેલા છે. મોદીએ ક્યું હતું કે, કોંગ્રેસ અને તેમના તમામ મહામિલાવટી સાથીઓએ પોતાના ૧૦ વર્ષના શાસન કાળમાં તમામ મોટા નિર્ણયોને ટાળતા રહ્યા હતા પરંતુ જમીનથી લઈને આસમાન સુધી કૌભાંડો કરતા રહ્યા હતા જ્યારે અખબારોમાં તેમના કારનામા અને અહેવાલો પ્રકાશિત કરવામાં આવતા હતા ત્યારે તમામ બાબતો લોકો સુધી પહોંચતી હતી. આજે પણ નામદાર અને તેમના સગા સંબંધીઓ જામીન ઉપર છુટેલા છે. આયુષ્યમાન ભારત યોજનાનો ઉલ્લેખ કરતા મોદીએ કહ્યું હતું કે, આજે સમગ્ર દુનિયાના અનેક સમૃદ્ધ દેશ પણ પોતાના ત્યાંના લોકોને પાંચ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા આપી શક્યા નથી પરંતુ આજે અમારા દેશમાં આયુષ્યમાન ભારત યોજનામાં ૫૦ કરોડ લોકોને પાંચ લાખ રૂપિયા સુધીની સારવાર સરકાર તરફથી મફતમાં આપવામાં આવી રહી છે.

જોખમી આવાસો... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે-૧૬ માં જુના સરકારી આવાસો તોડવા માટે અગાઉ કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના અંતે સેકટરમાં ૨૪ જેટલા મકાનો તોડવામાં આવ્યા હતા. જયારે સેકટરમાં સર્વેના અંતે અન્ય ૧૦૦ મકાનો તોડવાનુ પણ નક્કી કરાયુ હતુ. ચ અને છ કક્ષાના આ આવાસો તોડવા માટે તંત્ર દ્વારા વિભાગ કક્ષાએ મંજુરી માટે દરખાસ્ત પણ કરવામાં આવી હતી. જયારે હવે આ દરખાસ્તને મંજુરી આપી દેવાતા આગામી દિવસોમાં સેકટરમાં સ્થિત જુના અને જોખમી ૧૦૦ આવાસોનો કડુસલો બોલાવી દેવાશે.

એનીમિક મધર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. કલોલમાં પણ આ પ્રમાણ ૫૭ ટકાની આસપાસ જોવા મળ્યુ છે તો સૌથી ઓછુ માણસા તાલુકામાં ટકાવારીની દૃષ્ટિએ જોવા મળ્યુ છે જે ૫૨ ટકા જેટલુ હોવાનું કહેવાય છે.

જિલ્લામાં સંસ્થાકીય પ્રસુતિઓ ૧૦૦ ટકા થાય છે પણ સરકારી સંસ્થાઓમા તેનુ પ્રમાણ ૪૮ થી ૫૦ ટકા જેટલુ જ જોવા મળેલ છેત તંત્ર દ્વારા દરેક પી.એચ.સી. અને સબસેન્ટરો પર આધુનિક લેબર રૂમની સુવિધા પછી પણ આમાં સુધાર જોવા મળ્યો નથી તે ચિંતાનુ કારણ છે.

તંત્ર દ્વારા સગર્ભાઓના અર્લી રજીસ્ટ્રેશન પછી જે ફોલોઅપ તંત્ર દ્વારા થવુ જોઈએ અને તબીબોએ કર્મયોગીઓ પાસેથી ફોલોઅપ લેવામાં ક્યાંક ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે. તબીબી અધિકારીઓ ફરજના સ્થળે રહેતા નહિ હોવાના કારણો પણ સામે આવી રહ્યા છે. જોકે આ બધા મુદ્દાઓ પર ખુલ્લા મન સાથે તંત્ર સામાજિક ચિંતા કરે તેવી સમયની માંગ છે.

સાઈમંદિર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભાવિકોને પડીયામાં બાબાના પ્રસાદ સ્વરૂપે ખીચડી ધરવામાં આવે છે. દરગુરુવારે ભજનની રંગત પણ જામે છે. શાનદાર ભજનો અને ચટાકેદાર ખીચડીના લીધે દર્શનાર્થે આવતા ભાવિકો પણ ભકિતરસમાં તરબોળ થઈ જાય છે. મંદિરની આ સેવાપ્રવૃતિમાં ટ્રસ્ટના ચેરમેન અશોક હીરાભાઈ પટેલ (વકીલ) નાગરિક બેંકના ડિરેકટર વિકમભાઈ પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી દેવેન્દ્રસિંહ ડાભીના સહયોગ પણ પ્રાપ્ત થાય છે. ગુરુવારે ભક્તિથી ભીંજાયેલા ભાવિકો સેવાની મહેંક પણ પ્રસરાવે છે. જેમાં આસપાસના શ્રમિકોને ખીચડીનુ પણ વિતરણ કરવામાં આવે છે. આંખના દર્દીઓ માટે ડો તેજલ દલાલના સહયોગથી મેડિકલ કેમ્પનુ પણ આયોજન કરવામાં આવે છે. જયારે આર્યુવેદિક કેમ્પમાં ડો રાકેશ ભટ્ટ પણ સેવા આપે છે. આ ઉપરાંત ઉમિયા ફાઉન્ડેશનની મેડિકલ મોબાઈલ વાન દર બુધવારે ભાવિકો માટે સેવામાં હાજર રહે છે. જયારે મહીનાના દર સોમવારે આરોગ્ય વિભાગની નર્સ બહેનો આસપાસના શ્રમિક પરિવારજનોના બાળકોને રસી આપવાની ઉમદા સેવા પણ પુરી પાડે છે. સાંઇમંદિરમાં ખીચડીની સેવા માટે ઉત્સાહી ભાવિકો આર્થિક યોગદાન પણ આપે છે. ખીચડીના પ્રસાદ માટે ૫ હજરનુ આર્થિક યોગદાન આપી સેવાકાર્યમાં ભાગીદાર બને છે.

તાણી બંધાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તળાવને પિકનીક સ્પોટ બનાવાનુ સ્વપ્ન પણ સાકાર થયુ નથી. બીજીતરફ તળાવ વિકાસની યોજનાને અનુલક્ષીને તંત્ર દ્વારા દુકાનો પણ તૈયાર કરવામાં આવી છે. જયારે આ દુકાનોની ફાળવણી પણ કરી દેવામાં આવી છે. પરંતુ દુકાનોની ફાળવણીના મામલે પણ અનેક સવાલો મંડરાયા છે. દુકાનોને અનુલક્ષીને મોટામસ શેડ પણ તાંણી બાંધવામાં આવ્યા છે. આ ઠેકાણે દુકાનોથી લઈને રસ્તા સુધી શેડ ઉભા કરી દેવાયા છે. જયારે આગામી દિવસોમાં આ સ્થિતિ વચ્ચે ગંદકી થી લઈને અનેક સમસ્યાઓ પણ ઉઠવા પામશે. તળાવ વિકાસની યોજનાને અંજામ આપવા માટે કોર્પોરેશન દ્વારા નક્કર આયોજન કરવામાં આવે તે અનિવાર્ય છે. દાયકાના અંતે પણ તળાવ સુકુ રહ્યુ છે. જયારે તળાવના તળિયાને યોગ્ય કરવા માટે અન્ય શહેરોના તળાવનો અભ્યાસ કરી પણ આ વિસ્તારની રોનક નિખારી શકાઈ નથી. સે-૧ ના તળાવને પિકનિક સ્પોટ બનાવવા માટે જરૂરી આયોજન કરવામાં આવે તે પણ અનિવાર્ય છે.

માફી માગવી જોઈએ...

● પહેલા પાનાનું ચાલુ

અંગેની માહિતી સામ પિત્રોડાને આપવામાં આવી છે. રાહુલે કહ્યું હતું કે, તેઓએ સામ પિત્રોડાને કહ્યું છે કે, આપને નિવેદન બદલ શરમ આવવી જોઈએ. સાથે સાથે જાહેરમાં માફી માંગવી જોઈએ. રાહુલે આ પહેલા પોતાના ફેસબુક પોસ્ટમાં પિત્રોડાના નિવેદનને લઈને નારાજગી વ્યક્ત કરી હતી. ફેસબુક પોસ્ટમાં રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, પિત્રોડાએ પણ જે કંઈપણ કહ્યું છે તે અયોગ્ય છે અને આના માટે માફી માંગવી જોઈએ. આ પહેલા કોંગ્રેસ પાર્ટીએ આ વિવાદથી બચવાના પ્રયાસ કર્યા હતા અને કહ્યું હતું કે, સામ પિત્રોડાના નિવેદન અંગત નિવેદન છે. રાહુલે આગળ કહ્યું હતું કે, ૧૯૮૪ એક બિનજરૂરી હોનારત જેવી ઘટના હતી. આનાથી ખુબ પીડા થઈ હતી. ન્યાય ચોક્કસપણે થવો જોઈએ. જે લોકો ૧૯૮૪ની હિંસામાં દોષિત છે તેમને દંડ કરવામાં આવે તે જરૂરી છે. પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પણ માફી માંગી ચુક્યા છે. સોનિયા ગાંધી પણ માફી માંગી ચુક્યા છે. અમારી સ્થિતિ બિલકુલ સ્પષ્ટ છે કે, ૧૯૮૪માં જે પ્રકારની ઘટનાઓ બની હતી તે પ્રકારની ઘટનાઓ બનવી જોઈએ નહીં. ચૂંટણી માહોલમાં વિવાદ છેડાયા બાદ સામ પિત્રોડાએ પણ માફી માંગી લીધી હતી અને કહ્યું હતું કે, તેમની હિંદી ભાષા સારી નથી જેથી તેમના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું નથી. વડાપ્રધાન મોદીને એક નવો હથિયારો મળી ગયો છે. મોદીએ પોતાની દરેક રેલીમાં આ મુદ્દો જોરદારરીતે ઉઠાવ્યો છે જેથી કોંગ્રેસ ઉપર તીવ્ર દબાણ આવ્યું છે. મોદીએ હરિયાણા અને પંજાબમાં દરેક રેલીમાં સામ પિત્રોડાના નિવેદન ઉપર કોંગ્રેસ પાર્ટી ઉપર પ્રહાર કર્યા છે. મોદી કહેતા આવ્યા છે કે, કોંગ્રેસના એક વરિષ્ઠ નેતા કહી ચુક્યા છે કે, ૧૯૮૪માં જે કંઈપણ થયું તે કોઈ ચિંતાજનક બાબત ન હતી. ૧૯૮૪ રમખાણોને હુઆ તો હુઆ જેવા શબ્દો કહીને વિવાદ જગાવ્યો હતો.

શેરબજાર...

● પહેલા પાનાનું ચાલુ

હતો. ડેલ્ટા કોર્પના શેરમાં ૧૩ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. વૈશ્વિક બજારમાં આજે સોમવારના દિવસે અમેરિકા અને ચીન વચ્ચે વેપાર મંત્રણા ભાંગી પડવાના અહેવાલ વચ્ચે કડાકો બોલી ગયો હતો. પાન યુરોપિયન શેરબજારમાં પણ કડાકો બોલી ગયો હતો. હોંગકોંગના ફાઈનાન્સિયલ બજારોમાં આજે રજા રહી હતી જ્યારે જાપાનના

નિક્કી એવરેજમાં એક ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ખુબ નીચે પહોંચી હતી. છેલ્લા શુક્રવારે સંયુક્ત માર્કેટ મુડી ૧૪૬૬૬૫૮૭.૭૦ કરોડ રૂપિયા થઈ ગઈ હતી. જે ૨૬મી એપ્રિલના દિવસે સંયુક્ત માર્કેટ મુડી ૧૫૩૦૮૮૨૮.૪૯ કરોડ રૂપિયા હતી.

સાત તબક્કામાં યોજાઈ રહેલી લોકસભાની ચૂંટણી ૧૯મી મેના દિવસે પૂર્ણ થનાર છે. પરિણામો ૨૩મી મેના દિવસે જારી કરવામાં આવનાર છે. અમેરિકામાં વાતચીત ફળદાયી રહી છે. ચીન અને અમેરિકા હવે વાતચીતને આગળ વધારવા માટે સહમત થયા છે. દરેક પગલામાં હકારાત્મક દિશા દેખાઈ રહી છે. શેરબજારમાં નવા કારોબારી સત્રમાં અનેક કેટલાક પરિબળની અસર પણ દેખાશે. જેમાં માર્ચ ત્રિમાસિક ગાળામાં કમાણીના આંકડાનો સમાવેશ થાય છે.

હવાઈ ક્ષેત્રને...

● પહેલા પાનાનું ચાલુ

લોકસભા ચૂંટણી પુર્ણ થઈ ગયા બાદ સુધી યથાસ્થિતી રહેનાર છે. પુલવામા ત્રાસવાદી હુમલા અને ત્યારબાદ ભારતીય હવાઈ દળ દ્વારા પાકિસ્તાનમાં ઘુસીને કરવામા આવેલી જોરદાર કાર્યવાહી બાદ પાકિસ્તાન અને ભારત વચ્ચેના સંબંધ ખુબ ખરાબ થઈ ગયા છે. ભારતે ૨૬મી ફેબ્રુઆરીના દિવસે ત્રાસવાદી કેમ્પો પર હુમલો કર્યા બાદ પાકિસ્તાને વળતો હુમલો ભારતીય સેન્ય સ્થળો પર કરવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં એક પાકિસ્તાની વિમાનને ફુંકી મારવામાં આવ્યુ હતુ. જ્યારે ભારતનુ એક વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયુ હતુ. ત્યારબાદથી ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગ સ્થિતી રહેલી છે.

આ બનાવ બાદ પાકિસ્તાને પોતાની હવાઈ સીમાને ભારત માટે બંધ કરી દીધી હતી. ભારતે ૨૬મી ફેબ્રુઆરીના દિવસે બાલાકોટમાં એર સ્ટ્રાઈક કરીને ત્રાસવાદીઓમાં ખળભળાટ મચાવી દીધો હતો. જો કે હવે પાકિસ્તાન ભારત સાથે સંબંધ સુધારવા માટેના પ્રયાસમાં છે. સાથે સાથે તેના પર ત્રાસવાદીઓ સામે કાર્ય